## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

<u>અખબારી યાદી</u>

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ - ગુજરાત દ્વારા **"રૂક જાવ"** નામે પત્ર સોશ્યલ મિડિયા દ્વારા પ્રસિદ્ધ કરી તા.૦૧/૦૩/૨૦૧૮ ને ગુરૂવારના રોજ દરેક જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંકળાયેલી સ્કુલોના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓની હોલ ટિકીટ(પ્રવેશપત્ર)નું વિતરણ થવાનું છે ત્યારે વિરોધ નોંધાવીને હોલ ટિકીટનું વિતરણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાંથી જ કરવામાં આવે તેમ જણાવેલ છે અને સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળમાં જોડાયેલ કોઈપણ શાળાના સંચાલક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે હોલ ટિકીટ લેવા માટે ન જાય તે માટે અપીલ કરેલ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત શાળાઓ ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન એક્ટ – ૧૯૭૨ ની જોગવાઈઓ તથા તે હેઠળ બનાવેલ વિનિયમો મુજબ કામ કરવા માટે બંધાયેલ છે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજીત પરીક્ષાઓ તારીખ ૧૨ માર્ચ, ૨૦૧૮ થી શરૂ થઈ રહેલ છે ત્યારે વિદ્યાર્થીઓને શાળા મારફતે હોલ ટિકીટ નહી આપવાની બાબત નિયમોથી તદ્દન વિરૂદ્ધની છે. હોલ ટિકીટ (પ્રવેશપત્ર) ઉપર સંબંધિત શાળાના આચાર્યશ્રીએ સહી અને સિક્કો કરવાનો રહે છે અને આચાર્યશ્રીની હાજરીમાં પરીક્ષાર્થીએ સહી કરવાની રહે છે. આમ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે હોલ ટિકીટની વહેંચણી કરવાની કામગીરી કરાવવાની બાબત નિયમો વિરૂદ્ધની છે, તે બાબતની સંબંધિત તમામે નોંધ લેવી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓ કે જેના વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર છે. તેઓએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી બોર્ડ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હોલ ટિકીટ નિયત કરેલ સમયે અને તારીખે મેળવીને તેનું વિતરણ સંબંધિત વિદ્યાર્થીઓને કરી દેવાનું રહેશે, જેની સંબંધિત શાળાઓએ નોધ લેવી.

તારીખ : ૦૧/૦૩/૨૦૧૮
સ્થળ : ગાંધીનગર.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર